**CHAROTAR ENGLISH MEDIUM SCHOOL, ANAND**

**ANNUAL EXAM**

**STD: III** **SUB: - GUJARATI** **3 HRS**

**DATE:-** **80 MARKS**

# ***ANSWER KEY***

પ્ર ૧ **(અ) નીચેના દરેક-પ્રશ્નના ઉતર માટે આપેલા વિકલ્પોમાંથી જવાબ શોધીને લખો.** **(૦૫)**

**(૧)** શંકર અને ઉમિયાને કેટલા દીકરા હતા ?

જ= બે

**(૨)** કાગડો લુહારને ત્યાં કેમ ગયો ?

જ= ગપ્પા મારવા

**(૩)** બા શું કરતી હતી ?

જ= રસોઇ કરતી હતી

**(૪)** મરઘી શું જોઇ ખુશ થઇ?

જ= મકાઇના દાણા

**(૫)** ફાગણિયો ફૂલડે શું લાવ્યો છે?

જ= ફોરમ

**(૬)** બકરીબહેને ઘરની ભીંતો શેનાથી બનાવી?

જ= ગોળની

**(૭)** બતકના બચ્ચાને એની માએ શું શીખવવું હતું ?

જ= તરતાં

**(૮)** રાસ ક્યાં રચાયો હતો?

જ= વ્રજમાં

**(૯)** મરઘીએ શું વાવવા વિચાર્યું ?

જ= મકાઇ

**(૧૦)** નદીમાં શું તરતાં હતાં ?

જ= જહાજો

(બ) ખાલીજગ્યા પૂરો. **(૦૫)**

૧) કાર્તિકેય <u>હરણ</u> ની જેમ દોડે.

૨) મોટો ઢગલો <u>ઢૂંસા</u> નો હતો.

૩) બાવો <u>ચીપિયો</u> ખખડાવે છે.

૪) જાતમેહનત ઝિંદાબાદ.

૫) ખાબોચિયા માં ખૂબ કાદવ હતો.

૬) તળાવ માં કમળનાં ફૂલ હતાં.

૭) અઢાર અંગ ઉંટ નાં વાંકાં છે.

૮) ગણેશજીએ પોતાનાં માતાપિતા ને સિંહાસન પર બેસાડ્યાં.

૯) વાવણી પછી કાબરે નીંદણ કરી.

૧૦) કાગડાની દાનત ખોરી હતી.

(ક) શબ્દોના અર્થ લખો (૦૫)

૧) ગગન – આકાશ, આભ   ૨) સીમાડે – ગામને છેડે   ૩) મોલ – પાક

૪) સૂંઢલ– સામસામી મદદ   ૫) આટો – લોટ, ભૂકો

(ડ) ખરાં ખોટાની નિશાની કરો (૦૫)

૧) કાબર આળસુ હતી = ખોટું

૨) બાવો ભિક્ષામાં મેવા મીઠાઇ માગે છે. = ખોટું

૩) કેસૂડાની કળીએ બેસીને રુડો ફાગણ લહેરાયો છે = સાચું

૪) ઋતુઓનો રાજા વસંત છે = સાચું

૫) નદીના પાણીમાં કાચબા હતાં. = સાચું

૬) નાનો ઢગલો બાજરાનો હતો. = સાચું

૭) ચકલીનાં બચ્ચાં તરે. = ખોટું

૮) ટોપરાના ગાડાવાળાએ ગાડું ભરી ટોપરાં આપ્યાં. = ખોટું

૯) ગણેશને નાના નાના પગ અને મોટું મોટું માથું હતું = સાચું

૧૦) કાચબાને પથ્થર જેવી કઠણ પીઠ હોય છે. = સાચું

પ્ર:૨ (અ) સમાનાર્થી શબ્દો લખો. (૦૩)

૧) તન - શરીર   ૨) કમાડ – બારણું   ૩) ભગવાન – ઇશ્વર, દેવ

૪) માર્ગ - રસ્તો   ૫) કૂદકો – છલાંગ   ૬) વખત – સમય

(બ) વિરોધી શબ્દો લખો (૦૩)

(૧) આવવું × જવું   ૨) મોટું × નાનું   ૩) આકાશ × પાતાળ

૪) નિરાશા × આશાવાદી   ૫) ગરમી × ઠંડી   ૬) સુખી × દુ:ખી

(ક) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો (૦૨)

નિરંજન, રસોઇ, કપડું, ભભૂ ત
જવાબ= કપડું, નિરંજન, ભભૂ ત, રસોઇ
(ડ) ચાર તહેવારોના નામ લખો (૦૨)
૧) દિવાળી ૨) હોળી ૩) ઉત્તરાયણ ૪) નાતાલ
પ્ર.૩ (અ) શબ્દોનો ઉપયોગ કરીને વાકય બનાવો (૧૦)

૧) સસલું ૬) દોસ્તી
૨) બતક ૭) શિકાર
૩) ખીચડી ૮) વાઘ
૪) મકાઇ ૯) ફાગણ
૫) બચ્ચા ૧૦) માતા

(બ) કાવ્યપંક્તિ પૂ રી કરો(ગમે તે એક) (૦૪)
(૧) "રસોઇ એવી ક્શી .................... ગિરધરનો જશ ગાવો"
જવાબ= "રસોઇ એવી કશી ખપે ના,
નહીં મીઠાઇ માવો,
વૈરાગીને ભોજન સાદું ,
ખીચડી આટો ખાવો
પૈસા કપડાં કંઇ ના જોઇએ,
ના જોઇએ સરપાવો,
મનમોજીલા બની અમારે
ગિરધરનો જશ ગાવો ! "
(૨) "લહર લહર ........................ફાગ વધાવ્યો"
જવાબ = લહર લહર લહરાતો ફાગણ
ફૂલડે ફોરમ લાયો.
કોકિલ કંઠી કોયલડીએ
ટહુકી ફાગ વધાવ્યો.
(ક) શબ્દસમૂ હ માટે એક શબ્દ આપો. (૦૩)
(૧) સિંહની આકૃતિવાળું આસન – સિંહાસન
(૨) ખેતરમાથી નકામું ઘાસ ઉખેડી નાખવું - નિંદણ
(૩) મોટી ફાંદવાળા - દુંદાળા

(ડ) કોણ બોલે છે કોને કહે છે લખો (૦૩)

(૧) "ચાલ, તને તરતાં શીખવું." – બતકની માં તેના બચ્ચાને

(૨) "ખોટી મજૂરી કોણ કરે?" – લાલિયો કૂતરો મરઘીને

(૩) "ખોટી દાનતનાં ફળ હવે બરાબર ચાખશો" – કાબર મનમાં બોલે છે.

પ્ર-૪ (અ) આપેલ મૂળાક્ષર પરથી બે- બે શબ્દ બનાવો (૦૫)

(૧) મ (૨) લ (૩) ઇ (૪) ખ (૫) શ્ર

(બ) નીચેના પ્રશ્નોના એક –બે વક્યોમાં જવાબ આપો (ગમે તે પાંચ) (૧૦)

૧) ગણેશ અને કાર્તિકેયને લડતા જોઇને ઉમિયાજી શું બોલ્યા?

જ= "તમે બેઉ એકસાથે નીકળીને આખી દુનિયા ફરી આવો. અડસઠ તીરથ કરી આવો. બેમાં જે પેહલો ઘરે આવે તે જબરો."

૨) કાગડો લુહાર સાથે શા માટે ગપ્પાં મારવા લાગ્યો?

જ= કાગડાની દાનત ખોરી હતી. કાગડાને કામ કરવાની આળસ હતી. આથી તે ઝાડ પર બેઠા બેઠા લુહારની સાથે ગપ્પાં મારવા લાગ્યો.

૩) બા બાવાને શી આજીજી કરે છે?

જ= બા બાવાએ આજીજી કરે છે કે, તમે ચીપિયો ખખડાવો નહિ, હમણાં ઘરમાં કોઇ નથી. મને બિવડાવો નહિ.

૪) ઇસ્માઇલની વાડીનું વર્ણન કરો.

જ= ઇસ્માલની વાડી ગામને સીમાડે હતી. વાડી બારેમાસ લીલીછમ રહેતી હતી. વાડીમાં બાજરી અને જુવાર જેવા પાક થતાં હતા. ઇસ્માઇલની વાડીમાં ઉગતાં શાક્ભાજી પણ વખણાતાં.

૫) બકરીબહેન રસ્તા વચ્ચે જઇને શા માટે બેઠાં?

જ= બકરીબહેનને બે સુંદરબચ્ચાં થયાં એટલે ઘર બાંધ્યા વિના ચાલે તેમ નહોતું. તેથી જે આવે તેની પાસેથી ઘર બનાવવા માટે વસ્તુઓ માંગવા માટે તે રસ્તાં વચ્ચે જઇને બેઠાં.

૬) બચ્ચુ માને શું કહેતું હતું?

જ= બચ્ચું માને આમ કહેતું હતું

"નાહ્ય કોણ ? તરે કોણ ?
ઠંડા પાણીમાં પડે કોણ ?
ઉહું, હું તો નહિ નાહું !
હું તો નહિ તરું!"

૭) ગીત સાભંળવા શાનો ઉપયોગ થાય છે?

જ= ગીત સાંભળવા રેડિયો, કોમ્પ્યુટર અને મોબાઇલનો ઉપયોગ થાય છે.

(ક) નીચેના પ્રશ્નોના જવાબ એક એક વાક્યોમાં લખો (ગમે તે પાંચ) (૦૫)

૧) તળાવમાં શું શું હતું?

જ= કમળના ફૂલ , શિંગોડીના વેલા, અને માછલીઓ હતી.

૨) મીણબતી પોતે બળીને સૌને શું આપે છે ?

જ= પ્રકાશ (અજવાળું)

૩) ઋતુ રાજ કઇ ઋતુ ને કહે છે?

જ= વસંતઋતુ ને

૪) બાવાને જમવા માટે શું શું જોઇએ છે?

જ= ખીચડી અને આટો

૫) કઠણ પત્થર જેવી પીઠ કોની છે?

જ= કાચબાની

૬) અઢાર અંગ કોના વાંકાં છે ?

જ= ઉંટના

૭) ફાગણ મહિનામાં કયો તહેવાર આવે છે?

જ= હોળી

પ્ર-૫ (અ) નીચે આપેલ વિષય પર પાંચ પાંચ વાક્યો લખો (ગમે તે એક) (૦૫)

(૧) દિવાળી (૨) ઉત્તરાયણ (૩) કોમ્પ્યુટર

(બ) નીચીનો ફકરો સુંદર અક્ષરે લખો (૦૫)

ધમાચકડી ધમાચકડી ધમાચકડી મારું નામ
ડાહ્યું ડાહ્યું કરવાનું કે કહેવાનું એ તારું કામ
સીધા રસ્તે વાંકાં-ચૂંકા
પગલાં માંડું લાંબા-ટૂંકાં,
પાન વીણું ભીનાં-સૂકાં
ભેગાં કરું ડાળી-ઠુંઠા;